B-2008000106010003

# B. Com. (Sem. VI) Examination

## April - 2022

## Gujarati

## *(Pratyayan Kaushalya)*

Time : 2 Hours] [Total Marks : 50

**સૂચના :**

**(1)**

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
**Fillup strictly the details of ☛ signs on your answer book.**

Name of the Examination :
☛ **B. Com. (Sem. VI)**

Name of the Subject :
☛ **Gujarati (Pratyayan Kaushalya)**

☛ Subject Code No. : **2 0 0 8 0 0 0 1 0 6 0 1 0 0 0 3**

☛ Section No. (1, 2,.....) : **NIL**

Seat No. :

Student's Signature

(2) જમણી બાજુએ દર્શાવેલા અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

(3) પ્રશ્ન નં. 2, 3, 4 અને 5 માંથી કોઈ પણ બે પ્રશ્નોના જવાબ લખો.

1 નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબો આપો : (કોઈ પણ પાંચ) **10**

(1) અખબારી અહેવાલનો અર્થ સ્પષ્ટ કરો.

(2) અખબારી અહેવાલ બજાર અહેવાલના કયા અભિગમથી જુદો પડે છે ?

(3) બજાર અહેવાલ કેટલા પ્રકારે પ્રગટ થતા હોય છે ?

(4) બજાર એટલે શું ?

(5) બજાર અહેવાલ શા માટે ઉપયોગી છે ?

(6) સંગઠિત બજારમાં માલની ખરીદી કે વેચાણ કેવી રીતે કરવામાં આવે છે ?

(7) ગદ્યખંડના ઉત્તરોના વિધાનો કેવા હોવા જોઈએ ?

(8) નીરસ બજાર માટે કયો પારિભાષિક શબ્દ વપરાય છે ?

(9) પ્રેસ રિપોર્ટરની મુખ્ય ફરજ કઈ છે ?

(10) અહેવાલની ભાષા કેવી હોવી જોઈએ ?

2 આદર્શ લોકશાહી શાસન વ્યવસ્થામાં અખબારી અહેવાલનું મહત્ત્વ સમજાવી તેના માળખા વિશે જણાવો. 14

3 જનરલ બિપિન રાવતનું હેલિકોપ્ટર દુર્ઘટનામાં થયેલ નિધન અંગેનો પ્રેસ અહેવાલ તૈયાર કરો. 14

4 બજાર અહેવાલ એટલે શું ? આ અહેવાલનું મહત્ત્વ દર્શાવી તેજી-મંદીના કારણોની ચર્ચા કરો. 14

5 લગ્નની મૌસમને લીધે આવેલી તેજીનો પ્રભાવ બતાવતો સોના-ચાંદીનો દૈનિક અહેવાલ લખો. 14

6 નીચે આપેલો ગદ્યાંશ વાંચી તેની નીચે પૂછેલા પ્રશ્નોના જવાબ આપો : 12

''સમયની મૂડી તો દરેક પાસે સરખી જ હોય છે, પણ તેને ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યક્તિ તેને કસકસરથી, યોજનાપૂર્વક, વ્યવસ્થિત રીતે ખર્ચે છે. જ્યારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારીપણે વેડફી નાખે છે. પરિણામે એક ને સંતોષ અને સફળતા મળે છે. બીજાને થાક અને નિષ્ફળતા. જે વ્યક્તિને પોતાનો સમય વાપરતા આવડતું નથી. તેને કશું જ વાપરતા આવડતું નથી. જો તમારી પાસે મર્યાદિત પ્રમાણમાં મૂડી હોય, તો તેમાંથી થતી બચત એ જ કમાણી છે. નવો સમય કોઈને મળી શકતો નથી. એટલે જે માનવ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે, તેની પાસે વધુમાં વધુ સમય જમા થઈ શકે અને જેની પાસે સમય જમા થઈ શકે અને જેની પાસે સમય જમા થાય તેની પાસે શક્તિ પણ જમા થાય. સમય અને શક્તિ ભેગા થાય એ પછી શું ન કરી શકે ? એ ધારે તે કરી શકે.''

પ્રશ્નો :

(1) સમયની મૂડી દરેક પાસે કેવી હોય છે ?

(2) સમય વેડફવાથી શું મળે છે ?

(3) સાચી કમાણી કઈ છે ?

(4) ગદ્યખંડના શીર્ષકનું નામ આપો.

**અથવા**

ટૂંકનોંધ લખો : (કોઈ પણ **બે**)

(1) આદર્શ અહેવાલનાં લક્ષણો

(2) સંગઠિત બજારના પ્રકારો

(3) અખબાર અહેવાલ માટેની ઘટનાઓનું વૈવિધ્ય

(4) ગદ્યાર્થ ગ્રહણ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.